પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૦ | ૨ માર્ચ, ૨૦૧૮, શુક્રવાર ; ફાગણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અયોધ્યા વિવાદ ઉકેલવા પુનઃ પ્રયાસ

**શ્રીશ્રીની ફરી નદવી સાથે વાટાઘાટો : મુસ્લિમોનું સમર્થન મળી રહ્યું છે : શ્રીશ્રીનો દાવો : શાંતિપૂર્ણ અને સદભાવનાના માહોલમાં વિવાદને ઉકેલાશે**



લખનૌ,તા. ૧

આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રીશ્રી રવિશંકર આજે ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌ પહોંચ્યા હતા. અહીં તેઓએ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડમાંથી દૂર કરવામાં આવેલા મૌલાના સલમાન નદવીને મળ્યા હતા. નદવી ખુબ જ મૈત્રીપૂર્ણ માહોલમાં અયોધ્યા વિવાદને ઉકેલવા માટે માનવ કલ્યાણ બોર્ડ બનાવી રહ્યા છે. આને લઈને એક મોટુ આયોજન થવા જઈ રહ્યું છે. શ્રીશ્રી રવિશંકર આનુ સમર્થન કરી રહ્યા છે. બેઠક બાદ શ્રીશ્રી રવિશંકરે કહ્યું હતું કે, તેમને દરેક બાજુથી સમર્થન મળી રહ્યું છે. બંને સમુદાયના લોકો શાંતિ અને સદભાવના જાળવી રાખીને આગળ વધવા માટે ઈચ્છુક છે. રામ મંદિર બનાવવાની વાત કરી રહ્યા છે. તેમને મુસ્લિમ સમુદાય તરફથી પણ ખુબ જ સ્નેહ અને સમર્થન મળી રહ્યું છે. શ્રીશ્રી અયોધ્યાની વિવાદાસ્પદ ભૂમિને લઈને મુસ્લિમો અને હિન્દુઓ વચ્ચે કોર્ટની બહાર સમજૂતિ માટે પ્રયાસ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે, બંને સમુદાય વચ્ચેના વિવાદને મૈત્રીપૂર્ણરીતે ઉકેલવામાં આવે તે જરૂરી છે. શ્રીશ્રી દ્વારા ૨૭મી ફેબ્રુઆરીના દિવસે વારાણસીમાં આયોજિત કરવામાં આવેલા સમાગમમાં મુસ્લિમ સમુદાયના ધર્મગુરુ પહોંચ્યા ન હતા. શ્રીશ્રી મંગળવારના દિવસે ગોરખનાથ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### એલપીજી સીલીન્ડર ૪૭ રૂ. સસ્તુ

સરકારે ધૂળેટીના એક દિવસ પહેલા સામાન્ય લોકોને રસોઈના ખર્ચમાં થોડીક રાહત આપી છે. સરકારે રસોઈ ગેસની કિંમતમાં ઘટાડો કર્યો છે. સબસીડી વિનાના એલપીજી સિલિન્ડરમાં રૂ. ૪૭ અને સબસીડીવાળા સિલિન્ડરની કિંમતમાં રૂ. ૨.૫૭ સુધીનો ઘટાડો થયો છે.

### પાક.માં ફસાયેલી મહિલા ૨૧ વર્ષે પરત

પાકિસ્તાનમાં પતિના ચુંગલમાં ફસાયેલી હૈદ્રાબાદના મોહમ્મદી બેગમ અંતે ૨૧ વર્ષે વતન પાછી ફરી છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આ માટે મદદ કરી હતી.

### ઈજીપ્તમાં ૧૩ આતંકીઓના મોત

ઈજીપ્તમાં સુરક્ષાબળોએ અશાંત ઉત્તર શિનાઈમાં આતંકવાદીઓના છુપા સ્થાન પર હુમલો કર્યો હતો. જેમાં ૧૩ આતંકવાદીઓ અને બે સૈન્ય અધિકારીઓ માર્યા ગયા હતા.

### ગાંધીનગર સમાચાર અંક બંધ

આજે ધૂળેટી પર્વ નિમિત્તે તા. ૨-૩-૨૦૧૮ને શુક્રવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૩-૩-૨૦૧૮ને શનિવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહી જેની વાચક, વિતરણ અને વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક

## કાંચીપીઠના શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીનો મહાસમાધી

**મહાસમાધી પહેલા મંત્રોચ્ચાર અને ધાર્મિકવિધિ : પાર્થિવ દેહના અભિષેકમ માટે દૂધ, અન્ય અનેક ચીજોનો ઉપયોગ : મોટી સંખ્યામાં લોકો અને સાધુ-સંતો ઉપસ્થિત**



ચેન્નાઈ,તા. ૧

કાંચીપુરમ મઠના ૮૨ વર્ષીય શંકરાચાર્ય જયેન્દ્ર સરસ્વતીને આખરે લાંબી પ્રક્રિયા બાદ તેમના ગુરૂની બાજુમાં મહાસમાધી આપી દેવામાં આવી છે. મહાસમાધી આપતા પહેલા પરંપરાગત રીતે પુજા કરવામાં આવી હતી. તમામ જરૂરી વિધી કરવામાં આવી હતી. સરસ્વતી ૬૯માં શંકરાચાર્ય અને કાંચી કામકોટી પીઠના પીઠાધિપતિ હતા. દેશના સૌથી શક્તિશાળી સંત મનાતા શંકરાચાર્યની મહાસમાધિની પ્રક્રિયા આજે સવારે શરૂ કરવામાં આવી હતી. દેશભરમાંથી મોટી સંખ્યામાં સંત અને મઠના લોકો અંજલિ આપવા માટે પહોંચ્યાહતા. તમિળનાડુના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત પણ શંકરાચાર્યના દર્શન કરવા માટે પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# મેહુલ ચોક્સીની ૧૨૧૭ કરોડની સંપત્તિ જપ્ત

મુંબઈ,તા. ૧

એન્ફોર્સ ડિરેક્ટોરેટે આજે કહ્યું હતું કે, ગીતાંજલિ જેમ્સ અને વધુની કિંમતની ૪૧ પ્રોપર્ટી જપ્ત કરી લેવામાં આવી છે. મેહુલ ચોક્સી ગ્રુપની ૧૨૧૭ કરોડ કરવા માટે આદેશ પણ જારી કરી દીધો છે. ઈડી દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે કે, જપ્ત

**મુંબઈમાં ૧૫ ફ્લેટ તેમજ ૧૭ ઓફિસ, કોલકાતામાં મોલ, અલીબાગમાં ફાર્મ હાઉસ સહિતની સંપત્તિ જપ્ત : ૪૧ પ્રોપર્ટી જપ્ત કરાતા ભારે ખળભળાટ**

તેના પ્રમોટર મેહુલ ચોક્સી સામે પંજાબ નેશનલ બેંક કૌભાંડમાં ચાલી રહેલી મની લોન્ડરિંગ તપાસના સંબંધમાં ૧૨૦૦ કરોડ રૂપિયાથી રૂપિયાની સંપત્તિ ઈડી દ્વારા જપ્ત કરવામાં આવી છે. કેન્દ્રીય તપાસ સંસ્થાએ પ્રવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સંપત્તિ જપ્ત કરવામાં આવેલી સંપત્તિમાં મુંબઈમાં ૧૫ ફ્લેટ, ૧૭ ઓફિસ, કોલકાતામાં એક મોલ,

● અનુસંધાન પાન-૭ પર




## ત્રાસવાદ સામે લડાઈ કોઈ પંથની સામે નથી જ : મોદી

**દેશની સંસ્કૃતિ એવી છે જ્યાં તમામ જાતિ- ધર્મના લોકોને આગળ વધવા માટે એક સમાન તક છે : મોદી**

નવી દિલ્હી,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારના દિવસે વિજ્ઞાન ભવનમાં ઈસ્લામિક હેરિટેજ કોન્ફરન્સમાં ત્રાસવાદના મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે ભારતની સંસ્કૃતિ બહુરંગી છે. જોર્ડનના કિંગની સમક્ષ બોલતા મોદીએ કહ્યુ હતુ કે ત્રાસવાદ સામેની લડાઈને કોઈ પંથની સામે લડાઈની માનસિકતામાંથી બહાર નિકળવાની જરૂર છે. મોદીએ કહ્યુ હતુ કે ભારતની સંસ્કૃતિ બહુરંગી છે. આમાં તમામ ધર્મને એક સાથે આગળ વધવા અને પોત પોતાની રીતે આગળ વધવાની તક છે. મોદીએ કહ્યુ હતુ કે જોર્ડન અને ભારત એવી પવિત્ર ભૂમિ પર છે.જ્યાંથી પેંગમ્બરો અને સંતોના અવાજ દુનિયાભરમાં ગુજી ઉઠ્યા છે. જોર્ડનના કિંગ ભારતથી સંપૂર્ણપણે વાકેફ છે. દુનિયાના તમામ ધર્મ ભારતમાં વધારે વિકસિત થયા છે. ભગવાન બુદ્ધ હોય કે મહાત્માં ગાંધી હોય તમામ મહાન હસ્તીઓ ભારતમાં જ થયા હતા.

# સરકારી કર્મચારી-પેન્શનરોને ૭મા પગાર પંચનો તફાવત લાભ રોકડમાં ચૂકવાશે

**૪.૬૫ લાખ કર્મચારીઓ, ૪.૧૨ પેન્શનરોને હોળી-ધૂળેટીની ભેટ : સરકારની તિજોરી પર રૂપિયા ૩૨૭૯ કરોડથી વધુનું ભારણ પડશે : જૂલાઇ સુધીમાં ત્રણેય હપ્તા ચૂકવાઇ જશે : નીતિન પટેલ દ્વારા ગૃહમાં જાહેરાત કરાઈ**

ગાંધીનગર, તા. ૧

હોળી-ધૂળેટીના તહેવારને લઈ રાજય સરકાર દ્વારા તેના કર્મચારીઓ અને પેન્શનરોને ખાસ ભેટ જાહેર કરાઈ છે. આજે મળેલા વિધાનસભાના બજેટ સત્ર દરમ્યાન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને સાતમા પગારપંચના તફાવતના લાભો ત્રણ હપ્તામાં રોકડમાં ચૂકવવામાં આવશે. સરકારની આ જાહેરાતને પગલે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. આ જાહેરાતના કારણે રાજય સરકારની તિજોરી પર રૂ.૩૨૭૯.૭૯ કરોડનું ભારણ પડશે. સાતમા પગારપંચની ભલામણનો અમલ કરવાનો ઝડપી નિર્ણય લેવાના કારણે કર્મચારીઓને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી ૩૧મી જુલાઈ ૨૦૧૬ સુધીના માત્ર સાત માસના પગાર તફાવતની રકમ ચુકવવાની થાય છે તથા પેન્શનરોને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ નવ મહિનાના પેન્શન તફાવતની રકમ ચુકવવાની રહેશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, કર્મચારીઓ નિર્ણય લેવાના કારણે કર્મચારીઓને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી ૩૧મી જુલાઈ ૨૦૧૬ સુધીના માત્ર સાત માસના પગાર તફાવતની રકમ ચુકવવાની થાય છે તથા પેન્શનરોને પહેલી જાન્યુઆરી ૨૦૧૬થી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૬ નવ મહિનાના પેન્શન તફાવતની રકમ ચુકવવાની રહેશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્પષ્ટ કર્યું હતું કે, કર્મચારીઓ અને

● અનુસંધાન પાન-૭ પર





માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય